## વડીલોને વંદન અભિનંદન



પરષોત્તમભાઈ એમ. પટેલ (૧૯૪૪) મો. ૯૮૨૫૮૦૫૧૪૧

## સોનાસણ ગામે ઘરમાં વીજળી ત્રાટકતા વીજ ઉપકરણો બળીને ખાખ

પ્રાંતિજ, તા.૧૪

પ્રાંતિજ તાલુકાના સોનાસણ મુકામે એક મકાન ઉપર વીજળી ત્રાટકતા ઘરમાં રહેલી ઈલેક્ટ્રોનિક વસ્તુઓ બળીને ખાખ થઈ ગઈ હતી.જો કે આ અંગે કોઈ જાનહાની થવા પામી નથી.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ નજીક સોનાસણ ગામ આવેલું છે. જયાં એક ખેતરના બોર કૂવા પાસે જશુભાઈ પટેલ મકાનમાં પરિવાર સાથે રહે છે. દરમિયાન ગત રોજ કડાકા ભડાકા સાથે વીજળી થતા વીજળી જશુભાઈના મકાન પર અચાનક જ ત્રાટકી હતી જેના લીધે ઘરમાં રહેલી તમામ ઈલેકટ્રોનિક ચીજ વસ્તુઓ બળીને ખાખ થઈ ગઈ હતી અને ખેડૂતને ભારે નુકશાન થવા પામ્યું હતું. જો કે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી.

## ખાખરિયા છાસઠ પ્રજાપતિ સમાજ જોગ

ગાંધીનગર, તા.૧૪

ખાખરિયા છાસઠ પ્રજાપતિ સેવા સમાજ દ્વારા સમાજ માટે પરિચય ગ્રંથ બનાવવામાં આવી રહ્યો છે. સમાજના સભ્યોને માહિતી મળી રહે તે હેતુથી પરિચય ગ્રંથનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

ખાખરિયા છાસઠ પ્રજાપતિ સમાજમાં આવતા ગામડા અને શહેરમાં રહેતા સભ્યોએ પોતાની સંપૂર્ણ માહિતી સમાજના પ્રતિનિધિને તા. ૩૧ જુલાઈ પહેલા પહોંચાડવા જણાવવામાં આવ્યું છે. પ્રમુખ ભરતભાઈ પ્રજાપતિ અને મહામંત્રી કાંતિલાલ ગુર્જરનો સંપર્ક કરવો, સમાજના ઉત્થાન અને હિત માટે માહિતી આપવા માટે સભ્યોએ સહભાગી થવા જણાવવામાં આવ્યું છે.

# ખેડબ્રહ્મામાં પીવાના દૂષિત પાણીથી રોગચાળાનો ભય

### આગોતરા આયોજનના અભાવે આંતરે દિવસે પુરતુ અને સ્વચ્છ પીવાનું પાણી મળતુ નથી : વિરોધ પક્ષનો આક્ષેપ

ખેડબ્રહ્મા, તા. ૧૪

ખેડબ્રહ્મા નગરપાલિકા વિસ્તારમાં પીવાના પાણીની વિકટ સમસ્યા ઉભી થવા પામી છે. શહેરમાં આંતરે દિવસે માંડ ૨૦થી ૨૫ મિનિટ પીવાનું પાણી પુરૂ પાડવામાં આવે છે. આ પાણી દુષિત અને દુર્ગંધ મારતુ હોવાથી પીવાલાયક નથી જેથી શહેરમાં રોગચાળો ફેલાવાની ભીતી સેવાઈ રહી છે. પાલિકા દ્વારા ચોખ્ખુ પીવાનું પાણી પુરૂ પાડવામાં આવે તેમ લોકો ઈચ્છી રહ્યા છે.

ખેડબ્રહ્મા નગરપાલિકામાં વિરોધ પક્ષના નેતા પ્રવિણસિંહ ડી. સોલંકી તથા સદસ્યો સાગરભાઈ પી. પટેલ, ગોપાલભાઈ રાવલના જણાવ્યા અનુસાર પાલિકાના સંચાલકો દ્વારા પીવાના પાણીના આગોતરા આયોજનના અભાવે લોકોને દુષિત અને દુર્ગંધ મારતુ પાણી પીવાનો વારો આવ્યો છે. જેથી શહેરમાં રોગચાળો ફેલાવવાની ભીતી સેવાઈ રહી છે. પાલિકા દ્વારા ધરોઈ જળાશય આધારિત પાણી પુરવઠા યોજનાઓ પાછળ કરોડો રૂપિયાનું પાણી કરી દેવા છતાં પણ શહેરીજનોને ચોખ્ખુ અને પુરતુ પીવાનું પાણી ન મળતા લોકો ત્રાહીમામ પોકારી ગયા છે.

શહેરમાં છેલ્લા ચાર પાંચ દિવસથી એક આંતરે પીવાનું પાણી માંડ ૨૦થી ૨૫ મિનિટ પુરૂ પાડવામાં આવે છે. આ દુષિત પાણી પીવાલાયક નથી. પાલિકા દ્વારા પુરૂ પાડવામાં આવતુ પાણી ઉંચાણવાળા વિસ્તારોમાં છેલ્લા કેટલાય સમયથી જતુ નથી તેથી આવા વિસ્તારો પીવાના પાણીની વિકટ સમસ્યાનો સામનો કરી રહ્યા છે. પાલિકા દ્વારા પુરૂ પાડવામાં આવતુ પીવાનું પાણી પીવાલાયક ન હોવાથી રહિશોએ મોઘુદાટ પાણી ખરીદવુ પડશે. જેથી લોકોને બે બાજુનો આર્થિક માર સહન કરવાનો વારો આવ્યો છે. પાલિકાનો ઉંચો ખાસ પાણી વેરો ભરવાની સાથે વેચાતુ પાણી લાવવું પડતુ હોવાથી ગરીબ અને મધ્યમવર્ગની સમસ્યા વિકટ બની છે. જો વરસાદ ખેંચાય અને પાલિકા દ્વારા પાણીની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં ન આવે તો શહેરમાં રોગચાળો ફેલાવાની શંકા સેવાઈ રહી છે. શહેરમાં પીવાના પાણીની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તેમ લોકોની માંગણી છે.

આ અંગે ખેડબ્રહ્મા નગરપાલિકાના ચીફ ઓફીસર હરેશભાઈ અગ્રવાલે જણાવ્યું હતું કે વરસાદ ખેંચાતા ધરોઈ જળાશયનું પાણી દૂર થવાથી પાણીની સમસ્યા સર્જાઈ છે. પીવાના પાણી માટેની વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે જેથી ટુંક સમયમાં સમસ્યા હલ થઈ જશે.

# પાલનપુર સહિત બનાસકાંઠામાં શ્રધ્ધાપૂર્વક ગુરૂપૂર્ણિમા ઉજવાઈ

પાલનપુર, તા.૧૪

આપણી સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન સર્વોચ્ચ પદે છે. ઉજવાય છે. બનાસકાંઠા જિલ્લામાં આવેલ ધાર્મિક સ્થાનો-મંદીરો-આશ્રમ-શાળા કોલેજ-બાળમંદિર સહીત



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)



સૌથી પહેલા ગુરુ આપણા માતા-પિતા ત્યારબાદ મોટા ભાઈ-બહેન અને બાલમંદિર અને ત્યાર પછી ધો-૧થી આપણા શિક્ષક ગુરુ બને છે. પુરાતનકાળમાં આશ્રમ શાળામાં બાળકો વિદ્યાભ્યાસ કરવા ઘર-બહાર છોડી આશ્રમમાં રહી પારંગત બની કુશળતા હાંસલ કરતા હતા.

અષાઢી સુદ પૂનમે પ્રતિ વર્ષે ગુરૂપૂર્ણિમા આપમા દેશમાં આપણી સંસ્કૃતિ મુજબ સર્વત્ર ધામધૂમથી

દરેક જગ્યાએ ગુરૂપૂર્ણિમાની શ્રધ્ધાપૂર્વક ઉજવણી કરાઈ હતી.

જિલ્લા મથક પાલનપુર ખાતે આવેલ વિજય હનુમાન સન્યાસ આશ્રમ રેલવે કવાટર્સ ખાતે અત્રેના મહંત મહામંડલેશ્વર પ.પૂ. ૧૦૦૮ કલ્યાણાનંદગીરીજી બાપુનું ભકતોએ શ્રધ્ધાપૂર્વક ગુરૂપૂજન કર્યું હતું. અત્રે બ્લડ ડોનેશન કેમ્પમાં ૫૧ રકતદાતાઓએ રકતદાન કરી સમાજ સેવાનું ઉત્તમ ઉદાહરણ આપ્યું હતું.

# ગોધરા કાંડ : જજ ગોકાણી સુનાવણી ન કરે તેવી માંગ

### આરોપીઓની સજામાં વધારો કરવા સરકારે હાઈકોર્ટમાં અરજી કરી છે : છેલ્લા ઘણા સમયથી કેસ ચાલી રહ્યો છે

અમદાવાદ, તા.૧૪

દેશભરમાં ચકચાર જગાવનાર ગોધરા હત્યાકાંડ કેસમાં ફાંસીની તેમજ આજીવન કેદની સજા પામેલા આરોપીઓ વિરૂદ્ધ રાજ્ય સરકાર દ્વારા સજામાં વધારો કરવા હાઈકોર્ટમાં દાખલ કરેલી પિટીશન સામે આરોપીઓ તરફથી એવી માંગ કરવામાં આવી છે કે આ કેસની સુનાવણી જસ્ટીસ સોનિયાબેન સમક્ષ ન ચલાવવામાં આવે, જસ્ટીસ સોનિયાબેન ગોકાણીએ ઉપરોક્ત કેસમાં કેટલીક સુનાવણી કરી હતી.

દેશભરમાં ચકચાર જગાવનાર ગોધરા હત્યાકાંડમાં ૧૧ આરોપીઓને ફાંસીની સજા થઈ હતી તેમજ અન્ય આરોપીઓને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. તો અમુક આરોપીઓ પુરાવાના અભાવે નિર્દોષ છુટી ગયા હતા. તેથી રાજ્ય સરકારે આ કેસમાં ફાંસીની સજા પામેલા આરોપીઓની ફાંસીની સજા કાયમ રાખવા ઉપરાંત અન્ય આરોપીઓની સજામાં વધારો કરવા દાદ માંગવામાં આવી હતી. બીજી તરફ નિર્દોષ છુટેલા આરોપીઓને પણ પુરાવા ધ્યાનમાં રાખી સજા કરવા માંગ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે જ્યારે જસ્ટીસ સોનિયા ગોકાણી નીચલી અદાલતના એડિશન જજ હતા ત્યારે તેમણે આ કેસમાં કેટલીક સુનાવણી કરી હતી. ઉપરાંત ગોધરાકાંડને લગતા અન્ય કેસોની સુનાવણી એમની કોર્ટમાં થઈ હતી.

તેથી સજા પામેલા આરોપીઓએ આ કેસ જસ્ટીસ સોનિયાબેન સમક્ષ ન ચલાવવામાં આવે તેવી એડવોકેટ મારફત કોર્ટમાં રજુઆત કરી છે. વર્ષ ૨૦૦૨માં ગોધરાકાંડ બાદ રાજ્યભરમાં કોમી રમખાણો ફાટી નિકળ્યા હતા અને ઘણાં લોકો માર્યા ગયા હતા. ગોધરાકાંડ સાથે એક અન્ય કેસો પણ જોડાયેલા છે અને છેલ્લા ઘણાં સમયથી કેસો ચાલી રહ્યા છે.

## પાણી વિતરણ વ્યવસ્થામાં મહિલાઓની ભાગીદારી : ગુજરાતની વિશેષતા

ગાંધીનગર, તા.૧૪

ગુજરાતે પાણી વિતરણ વ્યવસ્થામાં મહિલાઓની ભાગીદારીને જોડીને સમગ્ર દેશને પ્રેરણાદાયી રાહ ચિંધ્યો છે. પાણી વિતરણમાં મહિલાઓના પ્રભુત્વથી નવા જ પરિણામ ગુજરાતે હાંસલ કર્યા છે. રાજયમાં ૭૧ એવી પાણી સમિતિઓ છે જેમાં ૧૦૦ ટકા સભ્યો મહિલા છે. રાજયમાં કુલ ૭૪૧૧૧ મહિલા સભ્યો પાણી સમિતિમાં કાર્યરત છે જે કુલ સભ્યોના ૩૫ ટકા જેટલી સંખ્યા છે. રાજયમાં ૫૫૦૫ એવી પાણી સમિતિઓ છે જેના પ્રમુખ તરીકે મહિલા છે આ ઉપરાંત રાજયમાં ૨૬૧૦ એવી પાણી સમિતિઓ છે જેમાં ૫૦ ટકા કરતા વધારે સભ્યો મહિલા છે.

રાજયમાં પાણી વિતરણ વ્યવસ્થાપનમાં મહિલાઓની સક્રિય ભાગીદારીને વધુ સુદૃઢ કરવા રાજયના મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે 'મુખ્યમંત્રીશ્રી મહિલા પાણી સમિતિ પ્રોત્સાહન યોજના' સ્વરૂપે એક નવી યોજના જાહેર કરી છે. આ યોજનાથી પાણી વિતરણ ક્ષેત્રે મહિલાઓને નવું બળ મળશે.

# જુનાગઢ શહેરના વિકાસ માટે કોંગ્રેસ પ્રતિબદ્ધ છે : નિશીત વ્યાસ

### જુનાગઢ નપામાં સત્તા મેળવવા માટે ભાજપ દ્વારા પોલીસતંત્ર-વહીવટી તંત્રનો દુરપયોગ

અમદાવાદ, તા.૧૪

જુનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય ચૂંટણી કોંગ્રેસ પક્ષે શહેરના પ્રતિષ્ઠિત અને સ્વચ્છ પ્રતિભા ધરાવતા ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. જુનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં છેલ્લા પાંચ વર્ષમાં શહેરના નાગરીકોના લાભાર્થે ઘણી કામગીરી કરવામાં આવી. સત્તાની લાલચમાં અને રાજયની ભાજપ સરકારના કાવાદાવા બ્લેકમેઈલીંગથી પંજાના નિશાન પર ચૂંટાયેલા અમુક કોર્પોરેટરોએ પક્ષદ્રોહ-પ્રજાદ્રોહ કરીને ભાજપમાં જોડાઈ ગયા.

જુનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય ચૂંટણીમાં સોરઠની જનતા ફરી એક વખત શહેરના વિકાસ માટે કોંગ્રેસ પક્ષની તરફેણમાં મતદાન કરશે તેવી આશા વ્યક્ત કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતીના મહામંત્રી નિશીત વ્યાસે જણાવ્યું હતું કે, જુનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય ચૂંટણીમાં ૨૦ વોર્ડમાં ૬૦ ઉમેદવારોને કોંગ્રેસ પક્ષે ઉભા રાખ્યા છે. જેમાં એમબીએ, બીબીએ, એલએલબી, એમકોમ, ડોકટર અને આચાર્યને મેદાનમાં ઉતાર્યા છે. સ્વચ્છ શહેર - સ્વસ્થ શહેરના નારા સાથે જુનાગઢ શહેરના વિકાસ માટે કોંગ્રેસ પક્ષ પ્રતિબધ્ધતા સાથે પ્રચાર કાર્યનો જુસ્સાભેર પ્રારંભ કરી દીધો છે.

# વીજ પ્રશ્નો માટે સાબરકાંઠા અને ભાવનગર જિલ્લામાં ૨૮૨ લોક અદાલતોમાં ૭,૨૭૦ કેસનો નિકાલ

ગાંધીનગર, તા.૧૪

વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નિકળતા નાણાની વસુલાત માટે રાજય સરકાર વિવાદથી નહીં પણ સમાધાનથી ઉકેલ લાવવા પ્રયત્નશીલ છે. છેલ્લા ૨ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં આ માટે ૩૮ લોક અદાલતો યોજીને ૪,૩૩૨ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે જયારે ભાવનગર જિલ્લામાં ૨૪૪ લોક અદાલતો યોજીને ૨,૯૩૮ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે.

ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા અને ગારીયાધારના ધારાસભ્યશ્રી કેશુભાઈ નાકરાણીના પ્રશ્નોના જવાબમાં જણાવ્યું હતું કે જિલ્લાઓમાં વીજ પ્રશ્નો ઉકેલવા માટે જ દર મહિનાના પહેલા, ત્રીજા અને પાંચમા શનિવારે નિયમિત લોક અદાલતો યોજાય છે. આ ઉપરાંત વર્ષ દરમિયાન ૬ જેટલી મેગા લોક અદાલતો યોજાય છે. તેમણે જણાવ્યું હતું કે વીજ પ્રશ્નો માટેની લોક અદાલતોથી કંપની અને ગ્રાહકો સાથે બેસીને સમાધાનપૂર્વક ઉકેલ લાવવાનો પ્રયત્ન કરે છે.

ભાવનગર (પશ્ચિમ)ના ધારાસભ્યશ્રી જીતેન્દ્રભાઈ વાઘાણી અને બોટાદના ધારાસભ્યશ્રી ટી.ડી. માણીયાના પેટા પ્રશ્નોના જવાબમાં મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યુંહતુંકે, ડેપ્યુટી ઈજનેર કક્ષાથી લઈને બોર્ડ ઓફ ડિરેકટરની કક્ષા સુધી તમામ ઓથોરીટીને અલગ અલગ પ્રકારની નાણાકીય સત્તાઓ સોંપવામાં આવી છે જેન આધારે સમાધાનની પ્રક્રિયા વધુ સુગમ અને ઝડપી બને છે.

શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, સાબરકાંઠા જિલ્લામાં લોક અદાલતો દ્વારા નિકાલ કરાયેલા કેસોમાં રૂ. ૨૦૧૧ લાખની રકમના કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. તેમાંથી રૂ. ૧૮.૦૮ લાખ તો સ્થળ પર જ વસુલ કરવામાં આવ્યા છે. જયારે ભાવનગર જિલ્લામાં રૂ. ૨૦૨.૭૦ લાખની રકમના કેસોનો નિકાલ કરીને રૂ. ૧૨૬.૩૨ લાખ જેટલી રકમ સ્થળ પર જ વસુલ કરવામાં આવી છે.

## રાજ્યમાં વર્ષ-૨૦૧૩-૧૪માં વેટની આવક ૪૦૯૭૬.૨૧ કરોડ

ગાંધીનગર, તા. ૧૪

રાજ્યમાં વર્ષ-૨૦૧૩-૧૪ માં અંદાજપત્રમાં વેટની રૂ. ૪૫,૩૦૦ કરોડના ચોખ્ખા અંદાજપત્ર સામે વર્ષ દરમિયાન રૂ. ૪૦૯૭૬.૨૧ કરોડની ચોખ્ખી આવક થઈ છે. બજેટમાં વેટની આ આવક વર્ષ-૨૦૧૧-૧૨માં રૂ. ૩૧૨૯૧ કરોડ અને વર્ષ-૨૦૧૨-૧૩માં રૂ. ૩૯૪૬૪ કરોડ હતી. એમ વિધાનસભા પ્રશ્નોત્તરી કાળ દરમિયાન વાંસદાના ધારાસભ્ય શ્રી છનાભાઈ ચૌધરીએ પૂછેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં નાણામંત્રી શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું. નાણાંમંત્રી શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં મંદીના વાતાવરણ અને રૂપિયો નબળો થવાના કારણે ગત વર્ષમાં વેટની આવકમાં ઘટાડો થયો હતો. રાજ્યમાં વેટની આવક વધે તે માટે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવામાં આવે છે.

## ધંધુકામાં વરસાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દરમિયાન લાંબા સમય સુધી શહેરીજનોને રાહ જોવડાવનાર વરસાદની આજે આખરે આગમન થયું. શહેરના કેટલાક વિસ્તારોમાં મોડી સાંજ બાદ અમી છાંટણા પડ્યા. લોકોમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી. મ્યુનિસિપલ કોર્પોરેશનના કંટ્રોલ રૂમથી પ્રાપ્ત થયેલ માહિતી મુજબ અમદાવાદમાં બોડકદેવ, વટવા, ગોતા વિસ્તારમાં વરસાદના છાંટા નોંધાયા હતા જ્યારે સમગ્ર શહેરના વાતાવરણમાં વરસાદી માહોલ સર્જાતા લોકોને ગરમીમાંથી રાહત મળી દરમ્યાન હવામાન વિભાગની આગાહી મુજબ શહેરમાં આગામી ૪૮ કલાક દરમિયાન વરસાદ પડવાની શક્યતા છે. જેના પગલે ચોમાસાની શરૂઆત થયાના મોડે મોડે આખરે અમદાવાદમાં વરસાદ નોંધાય તેવી શક્યતા ઉભી થઈ છે.

## ટાવર-કેમ્પસ બનશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યોગ્ય જગ્યાની ઉપલબ્ધિ હોય તેવા સેક્ટરમાં અદ્યતન કેમ્પસ વિકસાવવાનું આયોજન અન્ડર પાઈપલાઈન ચાલી રહ્યું છે જેમાં ગ્રાઉન્ડ-પ્લસ ચાર માળના ટાવર ઉભા કરવા ઉપરાંત પ્લેગ્રાઉન્ડ અને પાર્કિંગની પણ અલાયદી જગ્યા રહે તે દિશામાં પાટનગર યોજના ભવન, ગુડા અને ટાઉન પ્લાનીંગ કક્ષાએ પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરવા સૂચના આપી દેવાઈ છે. આ મામલે આ વિભાગોએ અભ્યાસ પણ શરૂ કરી દીધો છે. પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર થયા બાદ કાર્યયોજનાને આખરી મંજૂરી આપી દેવાયા પછી પબ્લીક પ્રાઈવેટ પાર્ટરનશીપના આધારે કામગીરી હાથ ધરવામાં આવશે. સે. ૧૩ અને સે. ૭માં જગ્યા અનુરૂપ હોવાથી પ્રાથમિક ધોરણે આ સેક્ટરોમાં યોજના અમલી બને તેવી પણ શક્યતા છે.

# નર્મદા ડેમ પર દરવાજા નહિ મુકાતા જંગી નુકસાન થયું છે

### નર્મદા પરની માંગણીની ચર્ચાનો ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જવાબ આપ્યો : માંગણી વિનાવિરોધે પસાર કરી દેવાઈ

ગાંધીનગર, તા.૧૪

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે નર્મદા પ્રભાગની માંગણી પરની ચર્ચાનો પ્રત્યુત્તર વાળતા મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ વિપક્ષી સભ્યોના અપપ્રચાર અને તેમની આલોચનાનો પ્રત્યુત્તર આપતા જણાવ્યું હતું કે યુપીએ સરકારે તેમના આઠ વર્ષના શાસનમાં સરદાર સરોવર બંધ પર દરવાજા મુકવાની મંજુરી આપી શકી નહોતી તે મંજુરી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાસનના માત્ર ૧૮ દિવસના સમયગાળામાં સરદાર સરોવર બંધ પર દરવાજા મુકવાની મંજુરી સાથે બંધની ઉંચાઈ ૧૨૧.૯૨ મીટરથી વધારીને ૧૩૮.૬૮ મીટર સુધી લઈ જવાની મંજુરી મળી છે. નર્મદા યોજના અંતર્ગત ૩૦ જૂન ૨૦૧૪ સુધીમાં શાખા નહેરમાં ૨૩૩૨ કિલોમીટરના કામ, વિશાખાઓ તતા પ્રશાખાઓના ૧૨૨૮૩ કિલોમીટરના કામ પૂર્ણ કરીને કુલ ૯.૮૬ લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઈ ક્ષમતા ઉભી કરવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે બાકી રહેતી ૨૫૩ કિલોમીટરની શાખાનહેર, ૧૯૫૫ કિલોમીટરનું વિશાખા નહેરનું કામ, ૯૧૧૩ કિલોમીટરની માઈનોર કેનાલનું કામ તથા ૩૭૮૧૦ કિલોમીટરની સબમાઈનોર કેનાલોનું કામ વર્ષ ૨૦૧૫-૧૬ સુધીમાં પૂર્ણ કરાશે અને તે માટે રાજ્ય સરકારે રૂપિયા ૯૦૦૦ કરોડની અંદાજપત્રીય જોગવાઈ કરેલ છે. સરદાર સરોવર યોજનાની પ્રગતિમાં રાજ્ય સરકારે ઢીલાશ દાખવી છે તેવી વિપક્ષી સભ્યોની આલોચનાને અપપ્રચાર લેખાવતા ચુડાસમાએ જણાવ્યું હતું કે વાસ્તવિકતા તો એ છે કે સરદાર સરોવર બંધ પર દરવાજા મુકવાની મંજુરી આઠ-આઠ વર્ષ સુધી ન આપીને આગાઉની કોંગ્રેસના વડપણ હેઠળની યુપીએ સરકારે આ યોજનાની પ્રગતિને અવરોધીને રાજ્યના કૃષિ અર્થતંત્રને કરોડો રૂપિયાનું નુકશાન કર્યું છે. આ અંગેની આંકડાકીય વિગતો આપતા તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૦૬માં ૧૩૮.૬૮ મીટર સુધી બંધની ઉંચાઈ લઈ જવાની મંજુરી મળી ગઈ હોત તો આજે વધુ ૫૮૦ કરોડ ઘનમીટર પાણી ઉપલબ્ધ હોત. આ પાણી ૫૦૦ દિવસની રાજ્યની પીવાની તથા ઘરવપરાશની જરૂરીયાત પુરી કરી શકત. આઈબીપીટીના કારણે ઉપલબ્ધ થતા વધારાના ૨૦૦ કરોડ ઘનમીટર જથ્થાને ધ્યાને લઈને તો કુલ ૭૮૦ કરોડ ઘનમીટર પાણી ઉપલબ્ધ હોત જે લગભગ બે વર્ષ સુધી ચાલે.

આમ ચોમાસુ નિષ્ફળ જવાના કિસ્સામાં પીવાના પાણી માટે ખેડૂતોને પાક બચાવવા સિંચાઈનું પાણી પણ પુરુ પાડી શકાયું હોત. સરદાર સરોવર બંધ પર વર્ષ ૨૦૦૬માં જ ૧૩૮.૬૮ મીટરની મંજુરી મળી ગઈ હોત તો આજે વધુ ૬.૮ લાખ હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળી શકેત. તેના કારણે આશરે રાજ્યમાં ૨૯ લાખ મેટ્રીક ટન કૃષિ ઉત્પાદન દર વર્ષે લઈ શકાયું હોત. જેની કિંમત વાર્ષિક રૂપિયા ૨૯૦૦ કરોડ જેવી થવા જાય છે. તેમાં વીજ ઉત્પાદનનો સમાવેશ કરીએ તો રૂપિયા ૧૦૦ કરોડ સાથે કુલ રૂપિયા ૩૦૦૦ કરોડનું કૃષિ વીજ ઉત્પાદન રાજ્ય મેળવી શક્યું હોત. એ અર્થમાં જોઈએ તો આ મંજુરી સમયસર ન મળવાના કારણે રાજ્ય સરકારને પ્રતિવર્ષ રૂપિયા ૩૦૦૦ કરોડ લેખે પાંચ વર્ષમાં રૂપિયા ૧૫૦૦૦ કરોડનું નુકશાન થયું છે. આ નુકસાન જ્યારે કેન્દ્રની અગાઉની યુપીએ સરકાર દ્વારા થયું છે ત્યારે વિપક્ષી સભ્યોને આ યોજનાની પ્રગતિ સંદર્ભે કોઈ આલોચના કરવાનો અધિકાર નથી.

આવા અનેક અવરોધો વચ્ચે પણ રાજ્ય સરકારે સરદાર સરોવર યોજના અંતર્ગત રાજ્યના ૯૬૩૩ ગામ પૈકી ૭૭૧૩ ગામ અને ૧૨૦ શહેરોને પીવાના હેતુ માટે નર્મદાના પાણી પહોંચાડ્યા છે. જૂન-૨૦૧૪ સુધીમાં વિવિધ વિદ્યુત મથકો થકી ૩૩૦૬ કરોડ યુનિટ વીજ ઉત્પાદન કરવામાં આવ્યું છે.

## ગાંધીનગરને હાથતાળી

● અનુસંધાન પહેલાનું ચાલુ


વરસાદી ઝાંપટા પણ પડયા હતા પરંતુ વસાહતીઓ હજુ વરસાદનો આનંદ માણી શકે તે પહેલાજ વરસાદ બંધ થઈ ગયો હતો. થોડીકવારમાં તો આકાશમાં ઘેરાયેલા વાદળો વિખેરાવવા માંડયા હતા. ઠંડક અને વરસાદની મજા માણી શકાય તે પહેલા જ પુનઃ ગરમી અને બફારો શરૂ થઈ ગયો હતો. વરસાદે હાથતાળી આપતા શહેરીજનો નિરાશ થઈ ગયા હતા. બપોરે પડશે, સાંજે પડશે તે આશાએ વસાહતીઓ વારંવાર આકાશ સામે જોઈ લેતા હતા. પરંતુ વરસાદનો પ્રથમ શૉ જાણે શહેરીજનો માટે ફલોપ શૉ બનીને રહી ગયો હતો. વાદળ છાયા વાતાવરણના કારણે તાપમાનનો પારો ચોકકસ નીચે આવ્યો હતો આજે મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૭.૫ ડિ.સે. જયારે ભેજનું પ્રમાણ સવારે ૮૦ ટકા અને સાંજે ૫૦ ટકા રહ્યું હતું.

## આંદોલન કરશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેમાં આ પ્રશ્નોના નિરાકરણ માટે આગામી તા. ૧૭થી ૩૧ જુલાઈ વિધાનસભા બજેટ સત્ર દરમિયાન કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરી ફરજો બજાવશે. તેવો નિર્ણય લેવાયો હતો. આગામી દિવસોમાં કર્મચારીઓની માંગણીઓ સંતોષવામાં નહીં આવે તો અન્ય કાર્યક્રમોના માધ્યમથી લડત આપવામાં આવશે. બેઠક દરમિયાન સચિવાલય ફેડરેશનના પ્રમુખ ભવાનસિંહ પરમાર, મહામંત્રી પ્રદીપસિંહ બિહોલા, નંદુભાઈ પટેલ, વિષ્ણુભાઈ પટેલ, ચંદુભાઈ જોષી તેમજ અબ્દુલભાઈ ચૌહાણ હાજર રહ્યા હતાં.

## શબ્દાવલી - ૫૪૪૭



### આડી ચાવી

૧. બગડી જવું (૪)
૩. ઇચ્છા, મહત્ત્વકાંક્ષા (૩)
૫. રૂપાળા, ધોળા (૨)
૬. આભાસ થવો (૨)
૯. ધરાહાર, પરાણે (૩)
૧૧. એકદમ ભરચક (૪)
૧૩. ફેંક, જવા દે (૨)
૧૪. સીધું, વળેલું નહિં તેવું (૩)
૧૫. શ્રીરામના ધર્મપત્ની - જાનકી (૨)
૧૮. 'પરત' શબ્દ આડોઅવળો (૩)
૧૯. સિંહની ગરદન પરના વાળ (૨)
૨૦. નસીબ ભાગ્ય (૨)
૨૩. ધારદાર ભેખડ (૩)
૨૪. ફુલોનો બાગ કે વાડી (૪)

### ઊભી ચાવી

૧. મહાભાગ્યશાળી (૪)
૨. એક વાદ્ય, ડફલી (૨)
૩. દેવને પ્રસન્ન કરવા કરાતી સ્તુતિ - પુજા
૪. શોભા માટે ટંગાતો સુશોભિત કાચના લોલકવાળો દીવો (૩)
૭. અચૂક, નિષ્ફળ ના જાય તેવું (૩)
૮. પરચુરણ, કચરા જેવું નકામું (૫)
૧૦. કુતરીયા દાંત, રાસખી દાંત (૪)
૧૨. એક વાદ્ય (૩)
૧૬. તાડનું વૃક્ષનું ફળ (૪)
૧૭. મોટા પાનની એક ભાજી (૩)
૨૧. કમર, કેડ (૨)
૨૨. ચામડું, ચામડી (૨)

### શબ્દાવલી ૫૪૪૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) સડેકડું (૩) સીમાડો (૬) રસ (૭) ટસલ (૫) વેરાન (૧૧) ટટળાવવું (૧૩) લાફી (૧૫) હાશ (૧૬) જાપટ (૧૭) ઉર (૧૮) ખાતર (૧૯) નિભાડો (૨૧) વાત (૨૩) સાજન (૨૪) નાહક

**ઊભી ચાવી :-** (૧) સરકીટ હાઉસ (૨) ઠેસ (૩) સીટ (૪) માસ (૫) ડોલ (૮) વેળા (૯) રાવ (૧૦) નવુ (૧૨) ટશર (૧૩) લાપરવાહ (૧૪) ફીટ (૧૬) જાત (૧૮) ખાડો (૧૯) નિજ (૨૦) ભાન (૨૨) તક

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨ ૨૨૫૭૧



**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**ઓનલાઈન જાહેર નિવિદા નં.૧ સને ૨૦૧૪-૧૫**

| | | |
|---|---|---|
| ૧. | કામોની વિગત | સાબરકાંઠા તથા અરવલ્લી જિલ્લાના મોડાસા તેમજ હિંમતનગર તાલુકાના સિંચાઈને લગતા કામો |
| ૨. | અંદાજિત રકમ રૂ. લાખમાં | રૂ. ૧૧.૭૩થી રૂ. ૨૪.૨૨ લાખ (કુલ ૪ કામ) |
| ૩. | ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય (ઓનલાઈન) | તા. ૨૮/૭/૨૦૧૪, સમય : ૧૮.૦૦ કલાક સુધી |
| ૪. | કચેરીનું સરનામું/ ટેલીફોન નંબર | કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, સાબરકાંઠા પંચાયત સિંચાઈ વિભાગ, હિંમતનગર જિલ્લા પંચાયત ભવન, રેલવે ક્રોસીંગ પાસે, હિંમતનગર - ૩૮૩૦૦૧ ફોન નં. : ૦૨૭૭૨-૨૪૬૬૬૯ |

વધુ જાણકારી www.statetenders.com અને www.nprocure.com વેબસાઈટ પર જોઈ શકાશે. ક્રમાંક ના.મા.નિ./હિંમત/૧૩૫/૨૦૧૪